# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-06-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## અષાઢી બીજ – કચ્છી નવા વર્ષની થનારી ઉજવણી

આકાશવાણી ભુજ

આજથી શરૂ થયેલ કચ્છી સંવત 2082ના નવા વરસની શુભકામના સાથે સમાચાર કલ્પના શાહ વાંચે છે,

.........આજે અષાઢી બીજ કચ્છી નવા વરસનાં પ્રજા ઉમંગભેર વધામણા લઈ રહી છે. કચ્છ અને કચ્છ બહાર તેમજ દેશ વિદેશમાં વસતા કચ્છી લોકો આ પર્વ પરંપરાગત રીતે ઉજવે છે. આજે ભુજમાં હમીરસરના કિનારે ઘણા વરસો પછી સાંસદ કચ્છ કાર્નિવલ સાથે આ પર્વની ઉજવણી માં ચાર ચાંદ લાગી જશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ કાર્નિવલનો શુભારંભ કરાવશે. ખેંગાર પાર્કથી લેકવ્યુ હોટેલ થઈ ઉમેદનગર રસ્તે યોજાનાર કાર્નિવલમાં 64 જેટલી કચ્છની કલા સંસ્કૃતિની ઝલક માણવા પ્રજામા અનેરો ઉત્સાહ જોવા મળે છે. નવા વરસની ઉજવણી નિમિતે ગઈ સાંજે ભુજમાં સંગીતની સુરાવલીનો કાર્યક્રમ યોજાયો હતો. આજે જિલ્લાભરમાં સ્નેહમિલન સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે. નખત્રાણા તાલુકાના વિથોણ ગામે પરંપરાગત ઉજવણી કરવામાં આવશે. મુંબઈમાં કચ્છશક્તિ સંસ્થા દ્વારા વિવિધ ક્ષત્રના અગ્રણીઓ નું એવોર્ડ આપી સન્માન કરાશે ભાવ નગર કચ્છી સમાજ નવા વરસની ઉજવણી કરાશે

**-----------------------------------------------------------------------------------------------**

## મુખ્યમંત્રી જિલ્લાની બે દિવસીય મુલાકાતે

શાળા પ્રવેશોત્સવ સહિત વિવિધ કાર્યક્રમોમાં મુખ્ય અતિથિ તરીકે સહભાગી થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજથી બે દિવસ કચ્છના પ્રવાસે આવશે.

આજે સાંજે ૬.૦૦ વાગ્યે ભુજના હમીરસર તળાવના કાંઠે આયોજિત સાંસદ કાર્નિવલને ખુલ્લો મૂકીને તેનો શુભારંભ કરાવશે. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી કુરન ગામ ખાતે રાત્રિરોકાણ કરશે. આવતીકાલે સવારે કુરન ખાતેની શાળામાં રાજ્યકક્ષાના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં બાળકોને પ્રવેશ અપાવશે. ત્યારબાદ કુરન ચેકડેમની મુલાકાત લઇ સવારે કુરન હાઈસ્કૂલ ખાતે આયોજિત કાર્યક્રમમાં અંદાજે રૂ. ૧૦૭ કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી કામના ખાતમૂહુર્ત અને લોકાર્પણ દ્વારા કચ્છના નાગરિકોને ભેટ આપશે. સવારે ખાવડા સરહદી વિસ્તારમાં ચાલી રહેલી વિશ્વના સૌથી મોટા રિન્યૂએબલ એનર્જી પાર્કની મુલાકાત લેશે. બાદમાં તેઓ ભુજ પહોચીને આર.ડી.વરસાણી હાઈસ્કૂલ ખાતેથી રાષ્ટ્રીયકક્ષાની નેશનલ હેન્ડબોલ સ્પર્ધાનો પ્રારંભ કરાવશે. આ કાર્યક્રમ બાદ બપોરે ૩ કલાકે ભુજમાં સિંદૂર વન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બનશે.

---

## જિલ્લામાં શાળા પ્રવેશોત્સ્વ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે મહીસાગર જિલ્લાના દિવડાની પીએમ શ્રી શાળામાં બાળકોના શાળા નામાંકનથી રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો આરંભ કરાવ્યો હતો.

કચ્છમાં પ્રથમ દિવસે આંગણવાડી, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં 31,403 વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવાયો હતો.

જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે વિગતો આપતા જણાવ્યું કે ગઇકાલે જિલ્લાની 50 ટકા શાળાઓમાં સાંસદ, ધારાસભ્યો, રાજ્ય અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સહિત કુલ 161 અધિકારી, પદાધિકારી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં જોડાયા હતા. સાંસદ વિનોદ ચાવડા માધાપર સરસ્વતી વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના 14 જેટલા અધિકારીઓ અબડાસા લખપત સહિતના વિસ્તારો માં વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવ્યો

હતો. જિલ્લા **કલેક્ટર** આનંદ પટેલ ખાવડા, તથા જિલ્લા વિકાસ અધિકારી ગૌતમ ઉત્સવ રતડિયા ગામથી બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો.

---------------------------------------------------------------------------------------

## એકસીઓમ ફોર મિશન આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે જોડાયું

એક્સીઑમ ફોર મિશનના સભ્યોને લઈ ગયેલું સ્પેસએક્સ ડ્રેગન અવકાશયાન ગઇકાલે બપોરે ચાર વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક- **I.S.S.** સાથે જોડાયું. આ સાથે જ ભારતે ઇતિહાસ રચ્યો છે. યાનના ચાલક દળના ચાર સભ્યમાં ભારતીય વાયુસેનાના ગૃપ કેપ્ટન શુભાંશુ શુક્લા પણ સામેલ છે. સાથે જ 41 વર્ષ બાદ અવકાશમાં ભારતના કોઈ અવકાશયાત્રી પહોંચ્યા છે.

એક્સિયમ- ફોર મિશન માત્ર એક વૈજ્ઞાનિક સિદ્ધિ જ નહીં, પરંતુ વૈશ્વિક ટૅક્નોલૉજી મહાશક્તિ તરીકે ભારતના વધતા કદનો પણ પૂરાવો છે. શુભાંશુ શુક્લા ભોજન અને અવકાશ પોષણથી સંબંધિત અદ્યતન પ્રયોગ કરશે.

---------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : ગ્રામીણ આવાસ યોજના

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની ગ્રામીણ આવાસ યોજનાઓના લાભાર્થીઓ માટે હિતકારી નિર્ણય લીધો છે.

આ નિર્ણય અનુસાર સમગ્ર રાજ્યમાં ગ્રામ પંચાયત વિસ્તારોમાં સરકારની સહાયથી નિર્માણ પામેલા આવાસો માટે વાર્ષિક 200 રૂપિયાના એક સમાન દરથી ઘર વેરા આકારણીની વસુલાત થશે. કોઈપણ ગ્રામ પંચાયત સરકારની સહાયથી બનેલા આવાસોનો ઘર વેરા આકારણીની વાર્ષિક 200 રૂપિયાના નિર્ધારિત દરથી વધુ રકમ વસૂલ કરી શકશે નહીં તેવો નિર્ણય પણ કરાયો છે. આ નિર્ણયથી લાખો ગ્રામીણ ગરીબ પરિવારોને ઘર વેરા આકારણીની રકમમાં મોટી રાહત મળશે.

---------------------------------------------------------------------------------------

# હવામાન આગાહી

રાજ્યમાં આગામી 7 દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી છે. આજે બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલી અને સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં રાજકોટ, જૂનાગઢ અને કચ્છમાં છુટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે. ત્યારે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

**દરમિયાન ગઇકાલે જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદી ઝાપટાં થયા હોવાના અહેવાલ મળ્યા છે. ગઇકાલે મધ્યે રાત્રે જિલ્લા મથક ભુજ ખાતે પણ ભારે પવન સાથે વરસાદ થયો હતો. ગઇકાલે સવાર 6 વાગ્યાથી આજે સવારે 6 વાગ્યા સુધી જિલ્લા કંટ્રોલ રૂમ પરથી મળેલી વિગતો અનુસાર જિલ્લાના ચાર તાલુકાઓમા વરસાદ નોંધાયો છે.**

---